ॐ

# નીતિ સંવાદો

ભાગ ૧ લો.


લખનાર

**શિવલાલ છગનલાલ ચાંદેચા—નડીઆદ**


નીતિથી સુખ ઉપજે અનીતિથી દુઃખ થાય;
નીતિ વિના માનવ બધા રાક્ષસમાંહી ગણાય.


છપાવી પ્રસિદ્ધ કરનાર

**શ્રી સરસ્વતી બુક ડેપો—નડીઆદ.**

આવૃત્તિ ૧. પ્રત ૧૦૦૦ સને ૧૯૨૦

કીંમત ૦-૬-૦.

શ્રી શારદા વિજય પ્રિ. પ્રેસમાં શા. હરજીવનદાસ
અમરશીએ છાપી—નડીઆદ.

# નીતિ સંવાદો.

૧

## આપણા ધર્મો.

પરમેશ્વરની ભક્તિ કરવી, એ આપણો પ્રથમ ધર્મ છે. પ્રભુ આખી દુનીઆમાં સર્વથી મોટો છે. સર્વને બનાવનાર, સર્વનું પાલન કરનાર, અને સર્વનો સંહાર કરનાર તેજ છે; માટે હંમેશાં સવારે નહાઇ મન સ્થિર રાખી તેનું સ્મરણ કરવું.

૨ માબાપની આજ્ઞા પાળવી, એ આપણો બીજો ધર્મ છે. તેમણે અનેક દુઃખ, ભય ને સંકટામાંથી આપણને બચાવી આપણા સુખો માટે ઘણાં ઘણાં દુઃખો સહન કરેલાં છે; માટે તેમનો ઉપકાર કદી પણ ભુલવો નહી ને હંમેશાં તેઓ રાજી રહે તે પ્રમાણે વર્તવું.

૩ દુનીઆની દરેક વસ્તુઓ તરફ સારી રીતે વર્તવું, એ આપણો ત્રીજો ધર્મ છે. તમામ પ્રાણીઓ તરફ આપણે એવી રીતે વર્તવું કે, તેઓ આપણા વર્તનથી રાજી થાય અને દરેક કામ એવાં કરવાં કે તેમાં તમામનું ભલું હોય.

દરેક કામ પરમેશ્વરની બીક રાખી કરવું.

# દયા.

પાત્રો:—તરંગશંકર અને શાન્તાબ્હેન.
સ્થળ:—એક વૃક્ષ પર પંખી બેઠું છે ત્યાં બંને રમે છે.

**શાન્તાબ્હેન**-કેમ તરંગશંકરભાઈ, શા વિચારમાં છો ?

**તરંગશંકર**-આવો શાન્તાબ્હેન, આજે તો આ આત્મામાં એક મહાન વિચાર થઈ આવ્યો છે.

**શાન્તાબ્હેન**-શો વારૂ ?

**તરંગશંકર**-જાણે કે કલાપીએ તો પંખીની ઉપર પત્થર ફેંકતાં ફેંકી દીધો પણ આપણે તો:—

[ તરંગશંકર હાથમાંનો પત્થર તથા ઝાડ પરનું પંખી શાન્તાને બતાવતો બોલે છે ]

( સવૈયામાં )

આ પત્થરથી પંખી પાડી,
કવિ કલાપી થયું થયું;
તર્ક કરીને તક તજવાથી,
આયુષ્ય જાએ વહ્યું વહ્યું.

# નીતિ સંવાદો.

શાન્તાબેન–તરંગશંકરભાઇ, ઉંદર મામાનો જીવ જાય અને
મીની માસીને હસવું થાય માટે જવા દો તમારી
વાત. કવિરાજ થવાને બદલે પારધી તો થશો.

તરંગશંકર–ના શાન્તાબેન, આ એકજ પત્થરે પંખી પાડવા
નો અને જરૂર કલાપી થવાનો.

શાન્તાબેન–(પંખીને મારવા ઉપાડેલો હાથ ઝાલી લઇને)

( હરિગીતમાં )

એ ભ્રાત: હૃદયે ખ્યાલ કર શા કારણે નિર્દય થવું,
એકજ પીતા પરીવાર છે સૌ વિસરી શાને જવું;
તુજ પેર એ પંખી તણો અતી કીમતી અવતાર છે,
નીજ તાતના એ બાળની ઘાતે મહા અપરાધ છે.
બળદાન પ્રભુએ આપીયું શું નિર્દોષીને મારવા ?
નહિ નહિ અધમ ઉદ્ધારવા વળી પાપી જનને તારવા;
દયા વિનાની જીંદગી તો ધીક્ક આ અવતાર છે,
નીજ તાતના એ બાળની ઘાતે મહા અપરાધ છે.

---

તરંગશંકર–શાન્તાબેન અમે તો:—( દોહરો )

સ્વતંત્ર જાતે માનવી સ્વતંત્રતા અમ ઉર;
વિચાર હૃદયે થાય તે કરીએ થઇ મશગુલ.

( પત્થર મારી પંખી પાડે છે. શાન્તા દોડી જઇ પડેલા પંખીને ઉપાડી લઇ પંપાળતાં પંપાળતાં બોલે છે )

**શાન્તાબેન**-(ધન્ય જેને ઘેર સુઘડ છે સતી...એ રાગ)

( ગરબી )

સ્વતંત્ર આવા નર થાય છે !
આ દેશમાંહી સ્વતંત્ર આવા નર થાય છે...ટેક.
બાળક બૈરાંને મારે પશુ પંખીને મારે;
બળીઆથી બાથ ના બીડાય છે.........આ દેશ૦
વડીલ અને વૃદ્ધ તણું માન પાડે જોત જોતાં;
વિદ્યા વિવેક વિસરી જાય છે...........આ દેશ૦
ધર્મ ધ્યાન દાન દયા દિલે ન હોય જરા;
તરંગોમાંહી તણાયા જાય છે...........આ દેશ૦

**તરંગશંકર**-શાન્તાબેન, અમે તમારા જેવા ધર્મઘેલા નથી. લાવો એ પંખી. એના પર મારો હક્ક છે.

**શાન્તાબેન**-હક્ક !! હક્ક કોનો ?

**તરંગશંકર**-મારો પોતાનો.

**શાન્તાબેન**-મારનારનો ?

**તરંગશંકર**-હા, મારનારનો, કેમકે જે કર્મ કરે તેનું ફળ

તેનેજ મળવું જોઇએ. બીજા જનોનો તેના પર અધિકાર નથી.

**શાન્તાબેન**—તરંગશંકરભાઇ, આમ જુઠું સમજાવો છો પણ હું સમજું તેમ નથી. ચાલો આપણા ગુરૂજી પાસે ન્યાય કરાવીએ કે આ પંખી પર હક્ક કોનો ? મારનારનો—કે બચાવનારનો ?

**તરંગશંકર**—હા ચાલો.

(ગુરૂજીને આવતા જોઇ બંને જણુ સામાં આવી)

**તરંગશંકર / શાન્તાબેન**—ગુરૂજી, અમો આપને પ્રણામ કરીએ છીએ.

**ગુરૂજી**—સરસ્વતી પ્રસન્ન હો.

**શાન્તાબેન**—ગુરૂજી હું આપની પાસે એક ન્યાય માગું છું.

**ગુરૂજી**—બોલો બેન.

**શાન્તાબેન**—( પંખીને બતાવતાં ) આ પંખીને મારનાર તરંગશંકરભાઇ છે અને બચાવનાર હું છું તો તેના પર હક્ક કોનો ?

**ગુરૂજી**—અરેરે ! મારી નિશાળમાં આવો નિર્દય વિદ્યાર્થી!! જેના હૃદયમાં દયા નથી તે ધર્મિષ્ઠ ક્યાંથી

હોય અને જેને અભિમાન છે તે પાપીજ છે.તો
જોઇએ. તરંગશંકર જા તુ મારી નિશાળમાં
ન જોઇએ પણ ઉભો રહે ન્યાય સાંભળતો જા.
**પ્રાણી માત્રની જીંદગી નકામી નથી, તેની કીંમત છે; માટે મારનાર કરતાં બચાવનાર નો જીવતા પ્રાણી પર વધારે હક છે.**

તરંગશંકર—ગુરૂજી મને માફ કરો. મારી ભૂલ થઇ. હું હવે સમજ્યો કે:— (દોહરો)

" દયા ધર્મકા મૂલ હય પાપ મૂલ અભિમાન
તુલસી દયા ન છાંડીએ જબ લગ ઘટમેં પ્રાન "

## સરસ્વતી સ્તુતિ.

( રાગ કલ્યાણ. તાલ દાદરો. )

શરણ ચરણ તાહરે, તું લે સરસ્વતી;
દીલથી રખે આ બાલુડાં વીસારતી....શરણ૦
મધુર મયુર વાહિની, તું કાપ કુમતિ;
અમાપ પાપ માફ કરીને, આપ સુમતિ....શરણ૦
વંદીએ સૌ બાલ, મા તું દ્વારમાં નમી;
શરણ રાખ શારદા, શિશુ પ્રભાવતી....શરણ૦

જાત મહેનત જ્ઞાનની કુંચી છે

# રતુઓ.

પાત્રો:- (૧) દેવ. (૨) હેમન્ત કુમાર. (૩) શિશિર કુમાર (૫) ગ્રીષ્મબાલા (૬) વર્ષાકુમારી. (૭) શરતચંદ્ર

સ્થળ:- ગમે તે જગા.

શરતચંદ્ર:- બેન ગ્રીસ્મબાલા ! હવે તો અહીં રહી હું કંટાળી ગયો છું ?

ગ્રીષ્મબાલા—ભાઈ શરતચંદ્ર ! હું પણ કંટાળી ગઈ છું માટે ચાલો આપણે સર્વ દેવ પાસે રજા માગી બીજી જગાએ જઇએ.

શિશિરકુમાર—ઓ દેવ આવે !! સર્વ અહીંજ ઉભાં રહોને? દેવ ! અમો સર્વ આપને પ્રણામ કરીએ છીએ.

દેવ—છોકરાંઓ તમારૂં કલ્યાણ થાઓ. કહો વારૂ શા વિચાર કરો છો ?

વસન્તકુમાર—દેવ ! અમને તો અહીં રહી હવે કંટાળો આવ્યો છે માટે બીજી જગાએ મોકલવા કૃપા કરો.

દેવ—છોકરાંઓ ! તમારા બધાંથી સાથે બીજી જગાએ જવાશે નહી પણ વારા ફરતી જવું હશે તો જવાશે.

**દેવ**—જુઓ છોકરાં, આ સુંદર જમીન છે તે પૃથ્વી કહેવાય છે. ત્યાં તમારે હું કહું તેમ એક પછી એક જવું તથા હું જે મંત્ર આપું તે પ્રમાણે ત્યાં કરવું. હવે તમે બધાં હું કહું તે પ્રમાણે ઉભાં રહો. પહેલો હેમન્તકુમાર પછી શિશિર કુમાર ત્યારપછી વસન્તકુમાર પછી ગ્રીષ્મબાલા પછી વર્ષાકુમારી અને છેલ્લો શરતચંદ્ર. બધાં સીધી લાઈનમાં ઉભાં રહો. ( દેવ દરેકના કાન માં મંત્ર મુકે છે અને પુછે છે ) કહો હવે તમે દરેક પૃથ્વી પર ક્યારે ક્યારે જશો અને ત્યાં જઈ શું શું કરશો ?

**હેમન્તકુમાર**—(સિદ્ધિનું સાધન સઘળાનું જાણો પર ઉપકાર)

કાર્તક માગશર બે મહિના હું પૃથ્વીમાં જાનાર;
દેવ તમારા મંત્ર થકી હું હવા ઠંડી કરનાર.
ગોળ કપાસ કઠોળ પકાવું,
ખેડુતને ઉર આનંદ લાવું;
હેમન્તઋતુ કહે મને સૌ પૃથ્વીના રહેનાર,
દેવ તમારા મંત્ર થકી હું હવા ઠંડી કરનાર.

# નીતિ સંવાદો.

શિશિરકુમાર— પોષ અને મહા મહિને જાવું
પાક પાકેલો તરત કપાવું;
શિશિર ઋતુ કહે મને સૌ પૃથ્વીના રહેનાર,
દેવ તમારા મંત્ર થકી હું તાઢ અતી કરનાર.

વસન્તકુમાર— ફાગણ ચૈતરમાં હું જાવું,
વિધવિધ પુષ્પો અતિ ફુલાવું;
તાઢ તાપ સરખાં કરીને હું હવા સરસ કરનાર,
વસંત ઋતુ કહે મને સૌ પૃથ્વીના રહેનાર.

ગ્રીષ્મમાલા— વૈશાખ ને જેઠે હું જાવું,
કરી ટેટી ફળ ફૂલ પકાવું;
તાપ વધારી સૌના તનમાં અકળામણ કરનાર,
ગ્રીષ્મઋતુ તો કહે મને સૌ પૃથ્વીના રહેનાર.

વર્ષાકુમારી— અસાડ ને શ્રાવણમાં જાવું,
વર્ષા હું બહુ બહુ વરસાવું;
નદી તળાવો ભરી અતી હું ખેડુત ખુશ કરનાર,
વર્ષા ઋતુ કહે મને સૌ પૃથ્વીના રહેનાર.

શરત્કુમાર— ભાદરવો આસો છે મારો,
પ્રથમ વર્ષા પછી ઉજળો દહાડો;

ખડુતો વાવે વાવેતર વૃક્ષ પાન ખરનાર,
શરદ રુતુ તો કહે મને સૌ પૃથ્વીના રહેનાર.

દેવ— આશીષ છે આશા તમ ફળજો,
વસુંધરામાંહી ઝળહળજો;
દુનિઆજનના દિલમાંહી તમ થાવ શાંતિ દેનાર,

સર્વ રુતુઓ—દેવ તમારા મંત્ર થકી અમો કામ સરસ કરનાર.

## રાગ કલ્યાણ–તાલ ધ્રુવો.

જય જય હો જનજનો.
જગત જનોના જીવન કાજે,
જુદ્ધે ઝંપલાવ્યું મહારાજે;
જય દેવી વિજયે રાજે.........જય૦
જુલમી જર્મને પ્રગટ પ્રજાળી,
ન્યાય નીતિ જરી નવ સંભાળી:
જાશે જરૂર હારી......જય૦

# ધનવાન અને વિદ્વાન.

પાત્રો:—લક્ષ્મીનંદન અને સરસ્વતીચંદ્ર.
સ્થળ:—ગમે તે જગા.

લક્ષ્મીનંદન—અહોહો! સરસ્વતીચંદ્રભાઇ, આ બધાં પોથાં ઉપાડીને આપ કયાં પધારો છો?

સરસ્વતીચંદ્ર—ભાઇ લક્ષ્મીનંદન, ઘેર જાઉં છું.

લક્ષ્મીનંદન—પણ હવે આ પોથાંજ વાંચ્યા કરવાં છે? કંઇ એ પૈસા પેદા કરો તો સુખી થવાય કેમકે:—

(કોણ અવિચળ શાંતિ આપે.....એ રાગ)

દમડા દુઃખો સૌ કાપે,
સન્માન સંપત્તિ આપે. (૨)

સરસ્વતીચંદ્ર— દ્રવ્યથી દુઃખો ના જાએ,
વિદ્યાથી સુખી થવાએ. (૨)

લક્ષ્મીનંદન— સંપત્તિથી સ્નેહી મળતા,
સગપણ સહુ જન કરતા:
વળી શબ્દ શીરે સૌ સ્થાપે,
સન્માન સંપત્તિ આપે. (૨)

સરસ્વતીચંદ્ર— વિદ્યાથી સહુ સમજાએ,
મોટા છોટા વશ થાએ;
વિદ્વાન સૌમાં પુજાએ,
વિદ્યાથી સુખી થવાએ. (૨)

લક્ષ્મીનંદન— વસુ સર્વ વૈભવો લાવે,
વિદ્વાન ભીક્ષાર્થે આવે;
વળી સૌ દબાએ છે દાબે,
સન્માન સંપત્તિ આપે. ( )

સરસ્વતીચંદ્ર— દ્રવ્યવાન દુર્ગુણી દીસે,
મિજાજ તેના અતિશે;
ક્રોધી સદા તે જણાએ,
વિદ્યાથી સુખી થવાએ. (૨)

લક્ષ્મીનંદન— ધનવાન ધાર્યું સૌ કરતા,
વિદ્વાન રહે છે ભટકતા;
ધન વિના તપે છે સૌ તાપે,
સન્માન સંપત્તિ આપે. (૨)

સરસ્વતીચંદ્ર— વિદ્યા કલ્પતરૂ કહાવે,
ઇચ્છિત ફળો તે લાવે;

સુખ શાંતિથી દિન જાએ,
વિદ્યાથી સુખી થવાએ. (૨)

લક્ષ્મીનંદન— દ્રવ્યવાન દેહ ઉગારે,
કરતા મનમાં જે ધારે;
જેથી જગે જશ વ્યાપે,
સન્માન સંપત્તિ આપે. (૨)

સરસ્વતીચંદ્ર— વિદ્યા વિવેકને લાવે,
નીતિ ને ન્યાયે ચલાવે;
વળી શાંતિથી જીવ જાએ,
ધનથી તાણા તાણુ થાએ. (૨)

લક્ષ્મીનંદન— વિદ્યામાં ગુણો વસેલા,
દુર્ગુણ દ્રવ્યે ભરેલા;
મુજને હવે સમજાએ,
વિદ્યાથી સુખી થવાએ. (૨)

---

જય જય પિતુ માતા.

સુકામાં સુવાડી આપ, સુતાં ભીને મા...(૨)
લુતાં આંસુ રૂદનનાં; (૨) હૃદયે ચાંપીને......જય૦
જાળવતાં દિન રાત, પુત્ર ગણી પ્યારો...(૨)
ભુલી કેમ જવાએ, (૨) એવા ઉપકારો.......જય૦

# નટપુરનાં રત્નો.

( સારૂ સારૂ રે સુરત શહેર......... એ રાગ. )

આજે આનંદ અંગ ન માય, નગર જન નીરખીને:
સહુ હોંશે વધાવો બેન, હૈયે હરખીને.........આજે૦

નટપુર વાડી અતિ રૂપાળી, વિદ્યાથી શણગારી રે:
નેતાને સંભાળી ભાળી, જાઓ તે પર વારી......આજે૦

ગિરિને જે ધરનારા **ગિરિધર**[1] શ્રમ તેનો આ શોભેરે:
વિદ્યાગિરિના ઉન્નત શૃંગે નટપુર બાળજ થોભે......આજે૦

**બાલ**,[2] **મણી**,[3] **ગોવર્ધન**[4] જેવા, ઉન્નત ગિરિએ વસતારે:
**મણીભાઈની**[5] કૃપા વડે સહુ, ઝીણા ઝીણા જણાતા...આજે૦

**ચંદ્ર**,[6] **કાંતિને**[7] **ફુલ**[8] સમા પણ, નવા નજરથી નીરખ્યારે:
મંદ હસે કે! જીવન સુધારે, શિક્ષા પાઠે પરખ્યા...આજે૦

---

૧-ગિરિધરદાસ મંગળદાસ દેસાઇ૨-બાલાશંકર ઉલ્લાસરામ કંથારીઆ
૩-મણીભાઈ નભુભાઈ દ્વિવેદી. ૪ ગોવર્ધનરામ માધવરામ ત્રીપાઠી.
૫-મણીભાઈ સાંકળચંદ પરીખ. ૬-ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા.
૭-કાંતિલાલ છગનલાલ પંડયા. ૮-ફુલચંદભાઈ ઝવેરદાસ શાહ.

# સુખ શાંતિ ક્યાં છે ?

પાત્રો:– (૧) વિનોદરાય–સુખ શાંતિ શોધનાર. (૨) કાંતિલાલ પૈસામાં સુખ શાંતિ માનનાર. (૩) દોલતચંદ–લક્ષ્મીનો અનુભવી. (૪) સરસ્વતીચંદ્ર–સુખ શાંતિ બતાવવા યત્ન કરનાર.

સ્થળ:—ગમે તે જગા.

કાંતિલાલ—ભાઈ વિનુ, આપની ઉચી નીચી થતી આંખની ભ્રમર અને કપાળમાં પડતી કરચલીઓ ઉપરથી, ખાત્રી થાય છે કે, કંઈ ઉંડા વિચાર કરો છો.

વિનોદરાય–હા ભાઇ, છે તો તેમ.

કાંતિલાલ—તો શા વિચાર કરો છો તે તો કહો.

વિનોદરાય–સાંભળ ભાઈ.

( ગજલ. )

ચિરસ્થાઈ અવિનાશી,
હશે ક્યાં સુખ ને શાંતિ ?
બતાવો કો બતાવો કો,
હશે ક્યાં સુખ ને શાંતિ ?

કાંતિલાલ— અહો ! એમાં શું ?
વિનોદરાય— તો બતાવો ને.
કાંતિલાલ— જુઓ સાંભળો.

( ભુજંગીમાં. )

રૂડા રોજગારો કરે લક્ષ્મીવાળા,
વડા વૈભવો ભોગવે લક્ષ્મીવાળા;
સહુ સ્નેહથી માન તેને દીએ છે,
સદા સુખ શાંતિ સંપત્તિમાં છે.

---

દોલતચંદ—ના ભાઈ ના, આ દોલતચંદને તેનો અનુભવ થયો છે તે તો સાંભળો !

( ભૈરવી. )

ખરે સુખ સંપત્તિમાં નાહીં.
કામ ક્રોધ મદ લોભ મોહ સૌ ,
વસતા સંપત્તિમાંહી;
તે સૌ સંકટ લાવે શિર પર,
તો પછી સુખ કયાંહી?......ખરે.
ઘર કુકડા થઈ ઘરમાં રહીએ
ચિંતા ચિતમાં કરીએ,

નયણે નિંદ્રા આવે નહિ પછી
શાંતિ ક્યાંથી ધરીએ.........ખરે૦

વિનોદરાય—તમારૂં કહેલું ખરૂં છે. સંપત્તિથી દુઃખો શાંત થતાં નથી પણ ઉલટો કલેશ કંકાસ ઉત્પન્ન થાય છે. અરેરે ! સુખ શાંતિ ક્યાં હશે ? મને કોણ બતાવે?

કાંતિલાલ— ( કોણ અવિચળ શાંતિ આપે...એ રાગ. )

કીર્તિની કરો કમાણી,
સુખશાંતિ તેમાં સમાણી. (૨)
દુઃખો સહુ દૂર પળશે,
સુખ શાંતિ સદૈવ મળશે;
તમ નામ જગે ઝળકશે,
સુખ શાંતિ સદૈવ મળશે. (૨)

દોલતચંદ—ના ભાઇ ના. કીર્તિથી સુખ શાંતિ મળતી નથી. તેના લોભે તો અવર જનોને અન્યાય આપી આત્માને પાપી બનાવવો પડે છે, તો પાપી આત્માને સુખ શાંતિ ક્યાંથી હોય ?

## નીતિ સંવાદો.

વિનોદરાય—અરે ! શું દુનિઆમાં સુખ શાંતિનો વાસ નહિજ હોય ?

સરસ્વતીચંદ્ર— ભાઈ છે. નિરાશ ન થા. સાંભળ.

( ચોપાઇમાં. )

આશાભંગ ન થઇએ વીર
હૃદયે ધરીએ રૂડી ધીર,
પ્રભુ તણું જે સ્નેહ સ્વરૂપ
માનો સુખ શાંતિનું રૂપ;
તેનો નાશ કદી નવ થાય
મરણ પછી પણ તે દેખાય,
માટે જીવન સુધી ઓ વીર
સૌને ચ્હાઓ રાખી ધીર.

---

વિનોદરાય—મોટાભાઈ, આપનું કહેવું સત્ય છે. હું હવે સમજ્યો કે:— ( ગીતિમાં. )

સંપત્તિને કીર્તિમાં આત્માની શાંતિ નહિ ભાળું;
સ્નેહ સ્વરૂપ પ્રભુનું ત્યાં સુખશાંતિ સદાય નિહાળું.

---

દોલતચંદ—ધન્ય છે સરસ્વતીચંદભાઈ, આપના વિશાળ જ્ઞાનને.
અમો સર્વ આપનો ઉપકાર માનીએ છીએ.

સરસ્વતીચંદ— ( દોહરો. )

આવ્યા બાંધી મુઠીએ, જંતું હાથ પસાર;
ધર્મ બજાવ્યો નીજનો, એમાં શો ઉપકાર.

# કેવા દુઃખથી ડરવું ?

( શું કહું કથની મારી રાજ......એ રાગ )

ધ્યાન પ્રભુનું ધરવું,
વીર ધ્યાન પ્રભુનું ધરવું......ટેક.
જન્મવું મરવું ને અવતરવું, ઉંધા માથે લટકવું;
લક્ષ ચોરાસી માંહી ફરવું, એવા દુઃખથી ડરવું...વીર૦
હરવું પરધન પાપ આચરવું, નિર્દય બનીને ફરવું;
કુડ કપટ કો સાથે કરવું, એવા દુઃખથી ડરવું...વીર૦
પ્રપંચે પડવું જુઠ્ઠ આચરવું, લાલચ દઈ છેતરવું;
માયામાં માયાળુ બનવું, એવા દુઃખથી ડરવું...વીર૦
નહિ કરવાનું કદી નવ કરવું, પાપે પેટ ન ભરવું;
સદાચારના સરળ પંથમાં, સ્નેહ થકી સંચરવું...વીર૦

# મુર્ખ વિદ્યાર્થીને શિખામણ.

( વર્ગમાંનો એક વિદ્યાર્થી વર્ગને પુછે છે ને બીજા જવાબ આપે છે. )

( કોણ અવિચળ શાંતિ આપે...એ રાગ. )

એક વિદ્યાર્થી— જે ભણે નહિ તે કેવા ?
બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.
એક વિદ્યાર્થી— શાળામાં મોડા આવે,
લેસન કદી નવ લાવે:
તેને કહો તમે કેવા ?
બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.
એક વિદ્યાર્થી— લેસન શાળામાં ચાલે,
તવ આડી વાતો કહાડે,
તેને કહો તમે કેવા ?
બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.
એક વિદ્યાર્થી— લખતાં અતિ વાર લગાડે,
નીજ ચોપડી હાથ બગાડે;

## નીતિ સંવાદો.

તેને કહો તમે કેવા ?

બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.

એક વિદ્યાર્થી— નીજ પુસ્તક પંડે ફાડે,
બીજાના માથે પાડે;
તેને કહો તમે કેવા ?

બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.

એક વિદ્યાર્થી— છેલ્લી લાઇને નીત્ય રહેતા,
પુછે ઉત્તર નવ દેતા;
તેને કહો તમે કેવા ?

બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.

એક વિદ્યાર્થી— નીજ કુટેવો નવ કહાડે,
બીજાને પણ શાખવાડે;
તેને કહો તમે કેવા ?

બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.

એક વિદ્યાર્થી— શિક્ષક જે કાંઈ બતાવે,
નીજ લક્ષે તે નવ લાવે;
તેને કહો તમે કેવા ?

બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા જેવા.

એક વિદ્યાર્થી— એવા સાથે નવ ફરીએ,
સોબત તેની પરહરીએ;
વળી મનુષ્યમાં નવ લેવા,
બધા વિદ્યાર્થી— મુર્ખ ગધેડા કહેવા.

## રાજ્ય ગીત.

ચાર છોકરા— " પાળો વિશ્વેસ એ,
તેજસ્વી ભૂપને;
દીર્ઘાયુ દો.
વાધો શ્રી ને સુખો,
ડંકો હો જીતનો,
ભૂપતિ અમ સર્વનો
ઝાઝું જીવો.

કદી ગુસ્સે થવું નહિ.

# રાજ્ય ધર્મ.

( દરેક વર્ષે તારીખ ૧૨મી ડીસેમ્બરે કન્યાશાળાઓ
માં ગાવાનો ગરબો. )

## જોર્જ મેરી પૂજન.

( ધન્ય જેને ઘેર સુઘડ છે સતી......એ રાગ. )
જોર્જ મેરી પૂજવાને જઇએ,
ઓ બેની સહુ જોર્જ મેરી પૂજવાને જઇએ....ટેક.
ભારત પિતાને વળી હીંદ મૈયાને,
તન મન ધન અર્પી ધન્ય થઇએ ......ઓ બેની૦
સત્ય પ્રેમ ધર્મ નીતિ ને પવિત્રતાનાં,
પત્ર પુષ્પ ધૂપ ધરી જઇએ ...........ઓ બેની૦
અરૂણુ રંગ તેજ મધુર માથે મુગટ સો'યા,
ગગન પાર યશો ગાન વહીએ. .........ઓ બેની૦
આવો આ મંડપમાં બાલ વા'લાં ઘેલાં,
જીવન સકળ સેવનમાં રહીએ .........ઓ બેની૦

# નીતિ સંવાદો.

( દરેક વર્ષે તા. ૧૨ ડીસેમ્બરે કન્યાશાળામાં
ગાવાનો ગરબો. )

૨

( રમાપતિ રામને રીઝાવો......એ રાગ. )

આ મંડપમાં શાણી સાહેલી સહુ આવો;
મેરી જોર્જ માત તાતને વધાવો......આ૦

નગરવાસી નટપુરનાએ હોંશથી,
બાંધ્યાં તોરણ સુરભા રૂડાં પુષ્પથી;
આપણ સ્તુતી કરી કૃતાર્થ થાવો......આ૦

( સાખી. )

મોટા જન સહુ રીઝવે ખરચી તન મન ધન,
બાળક સહુ પાયે પડે તો માત પીતા પ્રસન્ન.

કાલા ઘેલા શબ્દોથી રીઝવશું,
માતા પિતા કહી કહી હસશું;
વળી ચરણ ચુમી ચુમી લઇશું લહાવો...આ૦

# રાજ્ય ધર્મ.

( સુલેહના તહેવારોમાં બાળકોએ કરેલો સંવાદ )

પાત્રોઃ—નગીનભાઇ, રમણલાલ, રતિલાલ અને કેશવલાલ.

સ્થળઃ—સુલેહના તહેવાર ઉજવવા બાંધેલો મંડપ.

ચાર છોકરાઃ— (ત્રોટકમાં)

મહુ પૃથ્વી તણા મહારાજા થવા
જરમન કૈસર જુદ્ધ માંડી ગયાઃ
વળી ન્યાય નીતિનો નાશ કર્યો,
જગના જનને બહુ ત્રાસ કર્યો.
દુનિઆ જનના દુઃખને હરવા,
વળી ન્યાય નીતિ રક્ષણ કરવા;
જગદિશ્વરે બ્રીટને દીધી દયા,
જુદ્ધમાં પડીને જયશાળી થયા.

નગીનભાઇ—ભાઇ રમણ, આખી દુનિઆને પાંચ પાંચ વર્ષ થી અનેક ઉપાધિઓ ઉભી કરનાર જુલમી જરમનને જગદિશ્વરે હાર આપી અને આપણા

હાતમ દીલના શુરવીર શહેનશાહ જેર્જ પાંચમાં
ને જયદેવીએ જયમાળા પહેરાવી એથી સાબી-
ત થાય છે કે, સત્યનો સદાય જય છે.

રતિલાલ—નીતિએ ચાલનાર, ધર્મને પાળનાર, ન્યાયને ઇચ્છ-
નાર અને પોતાની પ્રજાને બાળક પેઠે પાળનાર
આપણા શાંતિ પ્રીય મહારાજાએ આ જીતથી આ-
નંદ માની પોતાની પ્રજાને પણ આનંદ આપવા
સને ૧૯૧૯ના ડીસેમ્બરની તારીખ ૧૩, ૧૪ અને
૧૫ના દિવસો તહેવાર તરીકે પાળવા એવો ઠરાવ
કર્યો છે.

કેશવલાલ—ભાઇ રતિલાલ, આપણાં જહાં પિતા માતા જેર્જ
મેરીએ પોતાનો ધર્મ આપણાં તરફ રૂડી રીતે
બજાવ્યો છે તો આપણે પણ આપણો ધર્મ બજા-
વવો જોઇએ.

રમણલાલ—ભાઇ કેશવ, આપણા આર્ય લોકો પોતાનો રા-
જ્ય ધર્મ કદી પણ ભુલ્યા નથી, ભુલતા નથી,
અને ભુલશે પણ નહિ. આપણે પણ તેમનાં સં-
તાનો છીએ તો ચાલો પ્રભુ પાસે પ્રાર્થના કરીએ:—

## નીતિ સંવાદો.

( સૌરે બાળકો હાથ જોડી આકાશ તરફ જુએ છે અને
એક બાળક ઉંચા સ્વરે બોલે છે. )

હે પરમાત્મા, અમારાં ધર્મધુરંધર રાજારાણીને હંમેશાં તું સહાય કરજે અને તારા આજ્ઞાંકિત સર્વ દેવોને તું આજ્ઞા કરજે કે, અમારાં ભલાં પિતામાતાને સહાય કરવા હંમેશાં તત્પર રહે. હે દયાળુ, અમારા હૃદયમાં તું એવી સદ્બુદ્ધિ મુકજે કે, અમારાં ભલાં પિતા માતા જ્યોર્જ મેરી તરફનો અમારો ધર્મ અમારા અણું અણુંમાં પસરી રહે.

# બંધુ ધર્મ.

પાત્રાઃ— ભરત અને વશિષ્ઠ.
સ્થળઃ—અયોધ્યાની ભાગોળ.

( મોસાળથી આવતાં ભરતને વશિષ્ઠ ગુરૂ અયોધ્યાની ભાગોળમાં મળે છે. )

ભરત—ગુરૂદેવ આપને પ્રણામ કરૂં છું.

વશિષ્ઠ—ભાઈ. પ્રભુ તમારૂં કલ્યાણ કરો.

ભરત—ગુરૂજી આજે આ નગર કેમ મને શુન્ય લાગે છે? મારા પિતા શહેરમાં છે કે શિકારે ગયા છે?

વસિષ્ઠ—ભાઇ, જે ગતિ આ જગતમાં સૌ પ્રાણીઓની થાય છે તે ગતિ તારા તાત પામ્યા છે.

ભરત—અરેરે! શું મારા પિતા મરણ પામ્યા! હવે પિતાના સુખનો લાવ ક્યાંથી મળશે? પિતાના અભાવે શ્રી રામચંદ્ર તો કુશળ છે ને?

વસિષ્ઠ—ભાઈ, રામ લક્ષ્મણ અને સીતા વનમાં ગયાં.

ભરત—શું કહો છો!! શ્રી રામચંદ્રજી બ્રાહ્મણ ગુનો કરે તેવા છેજ નહિ તો તેમને શાથી વન જવું પડયું?

## નીતિ સંવાદો.

વસિષ્ઠ—નિષ્કંટક અને સુખથી તું રાજ ભોગવી શકે તેટલા માટે તારી માતા કૈકેયાએ રામને વન મોકલ્યા અને તારા પિતાએ રામ વિયોગે દેહ છોડયો.

ભરત— ગુરૂદેવ, એ માએ ખરેખર રાક્ષસીનું કામ કર્યું છે. માતા અરે માતા—

( હરિગીતમાં )

ધર્મ વત્સલ તાત મારા નાશ તેનો તેં કર્યો,
પ્રાય સદ્ગુણી વીર બંધુ વન ભટકતો તેં કર્યો;
સીતા સતી મમ માત કોમળ વનમાં કેમ ચાલશે ?
ધીક્કાર છે ઓ માત તુજને નર્કની પ્રાપ્તિ થશે.

વશિષ્ઠ— આર્ય, હવે બધો શોક જવા દે અને આ રાજ્યાદી સુખેથી ભોગવ, તથા તારી માતાઓ સુમિત્રા અને કૌશલ્યા કે જેઓ રામ વિયોગે દુઃખી છે તેમને રામ પાસે મોકલી આપ.

ભરત— ગુરૂદેવ, મને વચનબાણથી વીંધો નહિ હું સુર્યનારાયણના સોગન ખાઈ કહું છું કે આ વાતની મને બિલકુલ ખબર નથી તેમજ તેમાં મારો કોઈપણ જાતનો હાથ નથી. રામ એ મારા પિતા છે. એજ

મહત્તાની આશા વિના જે દાન કરે તેના જીવનને ધન્ય છે.

મારા બાલા છે અને હું તેમનો સેવક છું. આ પૃથ્વીનું તો શું પણ જો મને ત્રણે લોકનું રાજ્ય મળતું હોય તો પણ મારા ધર્મ આગળ તે તુચ્છ છે. આ રાજ્યના માલિક રામ છે, આ પ્રજાના માલિક રામ છે, આ ધન સંપત્તિના માલિક રામ છે. અને આ હૃદયના માલિક પણ રામજ છે.

( સાખી. )

રાજ સાથ ન આવતું ધર્મજ આવે સાથ,<br>
લક્ષ્મી સાથ ન આવતી ધર્મજ આવે સાથ:<br>
સુર્યવંશી બાળકો લાવે ધર્મજ સાથ,<br>
નાથ પ્રભુના દ્વાર જ્યાં લાવે ધર્મજ સાથ.

વશિષ્ઠ—બાપ શાન્ત થા.

પિતા માતા નીજ બંધુ પ્રત્યે ધર્મ બજાવ્યો તેં ખરે,<br>
ધર્મની મુર્તિ વીરા તું રામથી પણ પ્રીય છે:<br>
વિના પ્રયત્ને આવી મળતા રાજ્યના આ ત્યાગથી.<br>
' ત્યાગી રાજર્ષિ ' કહા તું થયો—તુજ કાર્યથી

# શ્રી પ્રેમ.

પાત્રઃ—શ્રીરામ અને સીતા.

રાણી કૈકેયીએ રાજા દશરથ પાસે વચન માગ્યું, કે રામને વન મોકલો અને મારા પુત્ર ભરતને રાજ્ય આપો શ્રી રામ પિતાનું વચન પાળવા અને માતા કૈકેયીનું માન વધારવા વનમાં જતા પહેલાં સીતાની પાસે આવે છે.

રામ— પ્રીયા જાનકી ! આજ હું તને છેલ્લી વાર મળવા આવ્યો છું, કેમકે પિતાની આજ્ઞા પાળવા અને માતા કૈકેયી નું માન વધારવા હું વનમાં જાઉં છું.

સીતા— વહાલા ! આવાં વચન બોલવાં આપનેન શોભે. નાથ! આર્ય બાળાનો ધર્મ છે, કે તેને માતા પિતા ભાઈ વગેરેના શરણમાં ન રહેતાં પતિનાજ શરણમાં રહેવું; માટે હું આપની સાથેજ આવીશ.

રામ—વહાલી ! વનનાં સંકટો વસમાં છે; માટે મંદિરમાંજ રહો.

સીતા-પ્રાણેશ ! આપ વિના મંદિર મારે સ્મશાન છે. આપની સાથે જંગલમાં પણ મારે મંગળ છે. નાથ જો મને મુકી વનમાં જશો તો સીતાનું મોં ફરી જોવાના નથી.

દુઃખના વખતમાં ઉત્તમ પાઠો શીખાય છે.

# નીતિ સંવાદો.

રામ— પ્રીયા ! જંગલમાં ચાલતાં સુકુમાર પગમાં કાંટા કાંકરા વાગશે, ટેકરાને ખીણો ચઢવાં ઉતરવાં પડશે, ફળ મૂળથી નિર્વાહ કરવો પડશે અને વખતે ભૂખથી પણ દિવસો ગુજારવા પડશે.

સીતા—પ્રાણેશ ! આપના વિના જો સીતા પુષ્પમાં ચાલે તો તે તેને કાંટા અને કાંકરા સમાન સાલે. જો રામ સાથે હોય તો સીતા કાંટા અને કાંકરામાં આનંદે મહાલે, ટેકરા ને ખીણો ઉમંગથી ચઢે અને ઉતરે, ફળ મૂળ અમૃત સમાન લાગે અને ભૂખનું દુઃખ જરાપણ ન ગણે.

રામ— વહાલી ! ફક્ત મારા વિયોગનું એકજ દુઃખ વેઠવાને બદલે શા માટે અનેક સંકટો વહોરી લો છો ?

સીતા—નાથ ! તમારી સીતાને તમારા વગર બધું અસાર લાગે છે, માટે સીતાને સાથે રાખો. આપ વિણ સીતાને તમામ સુખો દુઃખો સમાન છે. કૃપાનાથ મને સહચારિણી થવા દો. વહાલા ! તમારી સીતાને અર્ધાંગનાનો ધર્મ પળાવો.

રામ— વહાલી જાનકી ! આપના નિઃસીમ પ્રેમથી મારૂં હૃદય ભરાય છે. ભલે, વનમાં આવવા તૈયાર થાવ.

પરોપકાર એજ ઉત્તમમાં ઉત્તમ કાર્ય છે.

